# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ,                                                                                     તા. ૨૪/૦૩/૨૦૧૮

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

સુરતની જીવાદોરી સમાન લોકમાતા તાપી નદિની મલિનતા દૂર કરવા માટે ભાજપ–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા દ્વારા આયોજીત "તાપી શુદ્ધિકરણ" મહાઅભિયાન આવતીકાલ તા. ૨૫/૦૩/૨૦૧૮, રવિવારના રોજ રામનવમીના શુભ દિવસથી શરૂ થઈ રહ્યું છે. આજે અભિયાનના આગલા દિવસે નિયત કરવામાં આવેલા તમામ સ્થળો પર તૈયારીઓનો અંતિમ દોર ચાલી રહ્યો છે.

આવતીકાલે સવારે ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના હજારો કાર્યકર્તાઓ અને વિવિધ સેવાભાવી સંસ્થાના સભ્યો સુરતના કોઝવે કમ વિયર–સિંગણપોર, કતારગામ વોટર વર્કસ, વરાછા વોટર વર્કસ, સરથાણા વોટર વર્કસ અને

રાંદેર ઈન્ટેકવેલ ખાતે રામનવમી નિમિતે ભગવાન રામચંદ્રજી તથા તાપીમાતાની પૂજા કરીને ''તાપી શુદ્ધિકરણ'' મહાઅભિયાનનો શુભારંભ કરશે. સવારે ૯=૦૦ થી ૧૨=૦૦ અને બપોરે ૪=૦૦ થી ૭=૦૦ એમ બે સત્રમાં અભિયાન આગળ વધશે. જે ત્યારબાદ ભા.જ.પ. સ્થાપના દિન તા. ૦૬/૦૪/૨૦૧૮ સુધી ચાલુ રહેશે. આ દરમ્યાન સુરત ભાજપના પ્રત્યેક વોર્ડના કાર્યકર્તાઓ ઓછામાં ઓછા ચાર સત્રમાં સફાઈ કરશે. તેમની સાથે વિવિધ સેવાભાવી સંસ્થાઓના જાગૃત સભ્યો પણ જોડાશે.

આજરોજ સુરત શહેર ભાજપના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ તથા આગેવાનો દ્વારા સફાઈ અભિયાન માટે નિયત તમામ સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી. તમામ સ્થળોએ જળકુંભી હટાવવા માટેની સંભવિત સ્ટ્રેટેજી નિયત કરી હતી તથા આ માટે જરૂરી સાધનસામગ્રી અને વ્યવસ્થા ચકાસી હતી. આ ઉપરાંત સલામતી માટેની વ્યવસ્થા પણ નિયત કરી હતી. યાંત્રિક અને માનવસંચાલિત હોડીઓની પોઝીશન અને કાર્યક્ષમતા અંગે માહિતી મેળવી હતી.

સુરત શહેર ''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના, સુરત ખાતે કંટ્રોલ રૂમ તૈયાર કરી કાર્યકર્તાઓ અને સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે સંકલન હાથ ધરવામાં આવ્યું હતું.

આવતીકાલે પ્રથમ દિવસે સફાઈ અભિયાનમાં સિંગણપોર કોઝ વે કમ વિયર ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૮,૧૦,૧૯,૨૦,૨૨,૨૩ તથા સેવાભાવી સંસ્થાઓ લાયન્સ કલબ ઓફ સુરત, બજરંગ દળ, ઉતર ભારતીય સમાજ, કોળી પટેલ સમાજ, આઝાદ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રીનાથદ્વાર સોસાયટી, મોટા મંદિર યુવક મંડળ, અલાયન્સ કલબ ઓફ સુરત, ફરીયાદી સંઘ ઓફ માનવઅધિકાર, સાંઈ આશિષ યુવક મંડળ, મહિલા તાલીમ અને બાળ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ વિગેરે સંસ્થાના સભ્યો જોડાશે.

આવતીકાલે પ્રથમ દિવસે સફાઈ અભિયાનમાં રાંદેર ઈન્ટેકવેલ, જહાંગીરપુરા ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૧,૯,૨૧,૨૬,૨૮,૨૯ તથા સેવાભાવી સંસ્થાઓ શ્રી ઝાલાવડ જૈન સમાજ, શ્રી રાંદેર સમસ્ત દરજી જ્ઞાતિ પંચ, મોરા ભાગળ, દક્ષિણ ગુજરાત દલિત સમાજ સેવા મંડળ, ગાયત્રી પરિવાર, ભટાર, રાંદેર, વિગેરે સંસ્થાના સભ્યો જોડાશે.

આવતીકાલે પ્રથમ દિવસે સફાઈ અભિયાનમાં કતારગામ વોટર વર્કસ ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૨,૬,૭,૧૧,૧૨ તથા સેવાભાવી સંસ્થાઓ ટાઈગર ગૃપ યુવક મંડળ, શ્રી ડબગર સમાજ, ડબગરવાડ, ગાયત્રી પરિવાર સુરત, શ્રી સુરત ઢીમ્મર જ્ઞાતિ પંચ, માછીવાડ, સૈયદપુરા વિગેરે સંસ્થાના સભ્યો જોડાશે.

આવતીકાલે પ્રથમ દિવસે સફાઈ અભિયાનમાં વરાછા વોટર વર્કસ ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૪,૫,૧૩,૧૪,૧૮,૨૭ તથા સેવાભાવી સંસ્થાઓ જય ભગવાન ગૃપ, શ્રી રાધે ગૃપ ગૌ સેવા સમિતિ વિગેરે સંસ્થાના સભ્યો જોડાશે.

આવતીકાલે પ્રથમ દિવસે સફાઈ અભિયાનમાં સરથાણા વોટર વર્કસ ખાતે સુરત મહાનગર ભાજપના વોર્ડ નં. ૩,૧૫,૧૬,૧૭,૨૪,૨૫ તથા સેવાભાવી સંસ્થાઓ ભવાની ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ, સ્વામી વિવેકાનંદ ગૃપ, સમન્વય એજ્યુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટ વિગેરે સંસ્થાના સભ્યો જોડાશે.

આ ઉપરાંત તમામ પાંચ સ્થળો પર હિરા ઉદ્યોગના વિવિધ એકમો તથા ટેક્સટાઈલ ઉદ્યોગની વિવિધ સંસ્થાઓના સભ્યો પણ મોટી સંખ્યામાં જોડાશે. પ્રથમ દિવસે પાંચ સ્થળો ઉપર અંદાજે પાંચ હજારથી વધુ વ્યક્તિઓ જોડાશે.